| | |
|---|---|
| દાખલ તારીખ | : ૧૦/૦૩/૨૦૨૬. |
| રજીસ્ટર તારીખ | : ૧૦/૦૩/૨૦૨૬. |
| ફેસલ તારીખ | : ૧૧/૦૩/૨૦૨૬. |
| સમયગાળો | : વર્ષ–માસ–દિવસ |

સત્યમેવ જયતે

**રાજકોટ જીલ્લાના મહે.શ્રી ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામઃ ધોરાજી**

**ફોજ. પર. અરજી નં. ૮૯/૨૦૨૬.**
**આંક–**

**ચીરાગ નરેશભાઇ ચંદ્રવાડીયા,**
**ઉ.આ.વ. ૨૭,**
**રહે. બ્લોક નં.૪૭, દ્રારકાપુરી–૧,**
**ઉપલેટા, જી.રાજકોટ.**
**હાલઃસબ જેલ, ધોરાજી. .......................... અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.જી.પી.શ્રી,**
**ધોરાજી. ..........................સામાવાળા.**

**બાબતઃ– બી.એન.એન.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

**અરજદાર તરફે વિ. વ. શ્રી બી.એ.જુણેજા.**
**શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે.એમ.પારેખ.**

**ઠ રા વ**

(૧) હાલની જામીન અરજીની વિગત એવી છે કે, ઉપલેટા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૬૪૨૫૦૮૧૮/૨૫, બી.એન.એસ.ની

કલમ–૧૦૮, ૩ (૫), ૩૩૬ (૩), ૩૩૮, ૩૪૦ (૨), ૬૧ (૨) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય જેથી હાલની આ અરજી જામીન મુકત થવા દાખલ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વ. શ્રી બી.એ.જુણેજાની એવી રજૂઆત છે કે, આ કામના આરોપી સામે ઉપલેટા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૬૪૨૫૦૮૧૮/૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩ (૫), ૩૩૬ (૩), ૩૩૮, ૩૪૦ (૨), ૬૧ (૨) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનાના કામે આરોપીને તા.૨૪–૧૧–૨૫ ના રોજ અટક કરવામાં આવેલ અને ત્યારથી આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે. આ અગાઉ આરોપીએ આ કોર્ટમાં ફો.પ.અ.નં.૨૧૪/૨૫ ની દાખલ કરેલ, જે અરજી નામંજુર કરવામાં આવેલી. આ ગુનાના કામે ચાર્જશીટ દાખલ થઈ ગયેલ છે, જેથી હાલની આ અરજી ચાર્જશીટ પછી આરોપીએ દાખલ કરેલ છે.

(૩) વધુમાં તેઓની એવી રજુઆત છે કે, આ ગુનાના કામે આરોપી મેહુલ દલસુખભાઈ બારૈયાને નામદાર ગુજરાત હાઈકોર્ટે ફો.પ.અ.નં.૨૮૨૩/૨૬ ના તામે તા.૦૯–૦૩–૨૦૨૬ ના રોજ જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે. તે આરોપીનો રોલ અને હાલના આરોપીનો રોલ એકસરખો છે. જેથી હાલના આરોપીને પણ યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે.

(૪) સરકાર તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી કે.એમ.પારેખની એવી રજુઆત છે કે, આરોપીની અગાઉ જામીન અરજી અત્રેની કોર્ટમાં નામંજુર થયેલ છે અને ત્યારબાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થયેલ છે. ચાર્જશીટ દાખલ થયેલ છે તે બદલાયેલા સંજોગો ગણી શકાય નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે જે આરોપીને જામીન ઉપર મુક્ત કરેલ છે તેનો રોલ અને હાલના આરોપીનો રોલ અલગ અલગ છે તેવા સંજોગોમાં સદર જામીન અરજી નામંજુર કરવાની રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષકારો તરફે વિ.વકીલશ્રીઓની દલીલો લક્ષમાં

લીધી. આ ગુનાના કામે આરોપી મેહુલ અને હાલના આરોપી બંનેનો રોલ એક સરખો છે. ટી.આઇ. પરેડમાં બેન્કના કર્મચારીઓએ આરોપી મેહુલ અને હાલના આરોપીને ઓળખી બતાવેલ છે. આરોપી મેહુલને નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રો.પ.અ.નં.૨૮૨૩/૨૬ ના તામે તા.૦૯–૦૩–૨૦૨૬ ના રોજ જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરેલ છે. જેથી હાલના આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર મુક્ત કરવો યોગ્ય અને મુનાસીફ જણાતું હોય અરજી લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**૧.** અરજદાર/આરોપી **ચિરાગ નરેશભાઇ ચંદ્રવાડીયાની** હાલની દાખલ કરવામાં આવેલ રેગ્યુલર જામીન માટેની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદારને તેમની વિરૂદ્ધ નોંધાયેલ ઉપલેટા પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૬૪૨૫૦૮૧૮/૨૫, બી.એન.એસ.ની કલમ–૧૦૮, ૩ (૫), ૩૩૬ (૩), ૩૩૮, ૩૪૦ (૨), ૬૧ (૨) મુજબના ગુના સબબ, અરજદારે રૂા. ૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વિસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શ ર તોઃ–**

**(એ)** અરજદાર/આરોપીએ પોતાને મળેલ સ્વતંત્રતાનો દુરઉપયોગ કરવો નહી.

**(બી)** અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના કેસને નુક્શાન થાય તેવું કૃત્ય કરવું નહી.

(સી) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતો હોય તો ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવા અને જો પાસપોર્ટ ધરાવતો ન હોય તો તે અંગે એફીડેવીટ ફાઇલ કરવી.

(ડી) અરજદાર/આરોપીએ સેસન્સ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ છોડવી નહી.

(ઇ) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ કોર્ટમાં પોતાનું કાયમી સરનામું પુરૂં પાડવું અને કોર્ટની પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો નહી.

૩. ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજ તારીખઃ ૧૧ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.**
**મુકામઃ ધોરાજી.**

**( અલીહુસેન મોહીબુલ્લાહ શેખ )**
**ત્રીજા એડીશનલ સેશન્સ જજ,**
**રાજકોટ એટ–ધોરાજી**
**કોડ નં. જીજે–૦૦૫૨૧**